પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૮ | ૨૮ જુલાઈ, ૨૦૧૯, રવિવાર; અષાઢ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગુજરાતના સંસદીય ઈતિહાસની વિરલ ઘટના

## ગુજરાત વિધાનસભાગૃહની કાર્યવાહી સૌથી લાંબા સમય સુધી ચાલવાનો રેકોર્ડ અંકિત થયો : ચૌદમી વિધાનસભાના ચોથા સત્રના છેલ્લા દિવસની બેઠક ૧૨ કલાક ૦૮ મિનિટથી વધુ સમય સુધી ચાલી : રાજ્યની આ તંદુરસ્ત-બેજોડ લોકશાહી પરંપરાને મૂર્તિમંત કરવા બદલ અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સૌને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતની સંસદીય પ્રણાલીકાનો આજે ઐતિહાસિક દિવસ છે. શુક્રવાર, તારીખ-૨૭મી જુલાઈ,૨૦૧૯ની મધ્યરાત્રીએ બાર વાગ્યેને આઠમી મિનિટે આ ઈતિહાસ અંકિત થયો. આ દિવસે ચૌદમી વિધાનસભાનું ચોથું સત્ર સતત બાર કલાક અને નવ મિનિટથી વધુ સમય સુધી ચાલ્યું. રાજ્યની આ બેજોડ અને તંદુરસ્ત લોકશાહીની પરંપરાને બિરદાવતા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ઉપસ્થિત સૌ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અધિકારીઓ તથા મીડિયાના મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા અને આગામી સમયમાં પણ આવો જ પ્રેમભાવ આપ સૌમાં રહે અને લોકશાહી તંત્રને વધુ મજબૂત કરવા આવી ચર્ચાઓ થતી રહે એવી શુભેચ્છા પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૬ જાન્યુઆરી ૧૯૯૩ના રોજ ગુજરાત વિધાનસભા ગૃહની કાર્યવાહી સતત ૧૨ કલાક ૦૮ મિનિટ સુધી ચાલી હતી. તત્કાલીન સમયે ગૃહની કાર્યવાહી બપોરે ૧૨.૦૦ કલાકે શરૂ થઈ હતી જે રાત્રિના ૧૨.૦૮ સુધી ચાલી હતી.

આજે અંકિત થયેલા આ ઐતિહાસિક રેકોર્ડ અનુસાર તારીખ ૨૬ જુલાઈ, ૨૦૧૯ શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી શરૂ થયેલું ૧૪મી વિધાનસભાના ચોથા સત્રનો છેલ્લા દિવસની બેઠકનું કામકાજ વિરામનો સમય બાદ કરતાં સતત ૧૨ કલાક, ૯ મિનિટથી વધુ સમય સુધી ચાલ્યું હતું. આ રેકોર્ડને સૌ ધારાસભ્યોએ પાટલી થપથપાવી બિરદાવ્યો હતો.

આ નવા અંકિત થયેલા રેકોર્ડ અંગે વિધાનસભા ગૃહને વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ ગૃહને જણાવ્યું હતું અને અધ્યક્ષશ્રીને આ ઐતિહાસિક ઘટનાના સાક્ષી બની તેમને જ આ અંગેની જાહેરાત કરવા જણાવ્યું હતું. ત્યારબાદ તારીખ ૨૭-૦૭-૨૦૧૯, શનિવારે રાત્રિના ૧૨.૦૯ કલાકે વિધાનસભાગૃહમાં અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ અંગે ઉપસ્થિત તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને સત્તાવાર જાણકારી આપીને તમામને લોકશાહીના આ તંદુરસ્ત પ્રણાલિકાને વધુ મજબૂત અને દીર્ઘાયુ બનાવવાના અભિનંદન પાઠવ્યા હતા.

### ગુજરાત ઈ વિધાન વેબ પર એક જ દિવસમાં ૧.૦૫ લાખ મુલાકાતીઓ નોંધાયા

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જાહેરાત કરતાં જણાવ્યુ છે કે, ગુજરાત વિધાનસભાની આજના દિવસે જીસ્વાન દ્વારા સંચાલિત ગુજરાત ઈ વિધાન વેબ પર ૧.૦૫ લાખ વીઝીટર કાઉન્ટર નોધાયા છે. આ ઈ વિધાન માં દેશભરમાંથી ૪૦ જેટલા વિધાન મંડળો જોડાયેલા છે. આજના એક જ દિવસે આટલા વીઝીટર જોડાનારૂ ગુજરાત વિધાન પ્રથમ મંડળ બન્યુ છે.



તારીખ:૦૬-૦૧-૧૯૯૩ અને તારીખ : ૨૭-૦૭-૨૦૧૯ આ બંને ઐતિહાસિક દિવસોના સાક્ષી કેબિનેટ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહિત અન્ય ધારાસભ્યો રહ્યા હતા.

## જમ્મુ-કાશ્મીરમાં ૧૦ હજાર જવાન તૈનાત કરાયા

શ્રીનગર, તા. ૨૭

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરોધી કાર્યવાહીને વધુ મજબૂતી આપવા કેન્દ્ર સરકારે રાજ્યોમાં ૧૦ હજાર અતિરિક્ત જવાનોની તૈનાતી કરી છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના જમ્મુ-કાશ્મીરની મુલાકાત બાદ કેન્દ્રે આ નિર્ણય કર્યો છે. જોકે કેન્દ્રના આ નિર્ણયનો જમ્મુ-કાશ્મીરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે.

# ઈલેક્ટ્રિક વાહનો પર હવે પાંચ ટકા GST

નવી દિલ્હી, તા.૨૭

નાણાંમંત્રી નિર્મલા સીતારમણના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક આજે મળી હતી. જેમાં જુદા જુદા પાસા ઉપર ચર્ચા વિચારણ કરવામાં આવી હતી. ચર્ચા વિચારણ બાદ ઈલેક્ટ્રિક વાહનો પર જીએસટીના દરનો ૧૨%થી ઘટાડીને ૫% કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આવી જ રીતે ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જર પર જીએસટી ૧૮%થી ઘટાડીને ૫% કરી દેવાયો છે. નવા દર ૧લી ઓગષ્ટથી લાગુ કરવામાં આવશે. ઈલેક્ટ્રિક બસ ભાડે લેવા પર સ્થાનિક સંસ્થાઓને જીએસટીથી છૂટ મળશે. નાણામંત્રી નિર્મલા સીતારામણની અધ્યક્ષતામાં શનિવારે યોજાયેલી જીએસટી કાઉન્સિલની ૩૬મી બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. દેશમાં ઈ-વ્હીકલ્સને પ્રોત્સાહન આપવા માટે સરકારે જીએસટી ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ઈલેક્ટ્રિક વાહનના ઉત્પાદકો પણ જીએસટી ઓછી



કરવાની માગ કરી રહ્યા હતા.સરકારે બજેટમાં પણ જાહેરાત કરી હતી કે ઈ-વાહનોની લોન પર ૧.૫ લાખ રૂપિયા સુધીનું વ્યાજ ચુકવવાથી ટેક્સમાં છૂટનો લાભ આપવામાં આવશે.પ્રદુષણ નિયંત્રણ માટે અને ઈલેક્ટ્રિક વ્હીકલ ઈન્ડસ્ટ્રીમાં અગ્રેસર રહેવા માટે સરકાર ૨૦૨૩ સુધી દેશમાં તમામ થ્રી વ્હીલર અને ૨૦૨૫ સુધી તમામ ટુ-વ્હીલર ઈલેક્ટ્રિક હોય તેવું ઈચ્છી રહી છે. ઈલેક્ટ્રિક વાહનો અને ચાર્જરનો મામલો ફિટમેન્ટ કમિટી પાસે મોકલવામાં આવ્યો હતો. આ કમિટી આખરે ટેક્સમાં ઘટાડો કરવાની ભલામણ કરી હતી. બજેટમાં ૫મી જુલાઈના દિવસે નાણામંત્રીએ ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે શ્રેણીબદ્ધ જાહેરાતો કરવામાં આવી હતી. ઈલેક્ટ્રિક વાહનો ખરીદી કરવા માટે લોનના વ્યાજ પર ૧.૫ લાખ રૂપિયાની વધારાની ઈન્કમટેક્ષ છુટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. ઈલેક્ટ્રિક વાહનો અને બેટરી માટે પણ યોજનાઓ જાહેર કરવામાં આવી હતી.

## વાયુસેના માટે અપાચે હેલીકોપ્ટર ભારત પહોંચ્યા

નવી દિલ્હી, તા. ૨૭

ભારતીય વાયુસેનાના લડાકુ વિમાન અને હેલીકોપ્ટરોના જથ્થામાં નવો સભ્ય સામેલ થયો છે. અમેરિકી લડાકુ એએચ-૬૪ઈ અપાચે ગાર્ડિયન અટેક હેલીકોપ્ટરને ભારતીય વાયુસેનામાં દાખલ કરવામાં આવ્યા છે.

અપાચે હેલીકોપ્ટરનો પ્રથમ જથ્થો ગાઝિયાબાદ સ્થિત હિંડન એરબેઝ પહોંચી ગયો છે.

# મુંબઈમાં સતત બીજા દિવસે ભારે વરસાદ

મુંબઈ,તા. ૨૭

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં આજે સતત બીજા દિવસે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો. મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. ચારેબાજુ જળબંબાકારની સ્થિતી જોવા મળી રહી છે. હવામાન વિભાગના કહેવા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં મુંબઈમાં આઠ ઈંચથી વધારે વરસાદ થઈ ગયો છે. ભારે વરસાદની સ્થિતી વચ્ચે પાણીમાં ફસાઈ ગયેલી મહાલક્ષ્મી એક્સપ્રેસમાંથી તમામ ૭૦૦ યાત્રીઓને બહાર કાઢીને તેમને સુરક્ષિત સ્થળે મોકલી દેવામાં આવ્યા છે. ટ્રેનમાં ફસાઈ ગયેલા યાત્રીઓને બચાવી લેવા માટે નેવી, એરફોર્સ અને એનડીઆરએફની ટીમોની મદદ લેવામાં આવી હતી. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે કહ્યુ હતુ કે રાહત અને બચાવ કામગીરીમાં નેવીની સાત ટીમો, ઈન્ડિયન એરફોર્સના બે હેલિકોપ્ટર, સેનાની બે ટુકડીઓ પણ સ્થાનિક વહીવટીતંત્ર સાથે જોડાઈ હતી.

યાત્રીઓને સૌથી પહેલા બદલાપુર સ્ટેશન પર લઈ જવામાં આવ્યા હતા. સેન્ટ્રલ રેલવેના અધિકારીઓએ કહ્યુ હતુ કે ૧૩ ટ્રેનો ડાયવર્ટ કરવામાં આવી છે. જ્યારે છ ટ્રેનોને રદ કરવામાં આવી છે. ભારે વરસાદના કારણે ૨૪ ટ્રેનોને અસર થઈ છે. જે પૈકી સાત ફ્લાઈટો રદ કરવામાં આવી છે. મુબંઈમાં સતત બીજા દિવસે હજુ ભારે વરસાદ જારી છે. ભારે વરસાદની ચેતવણી અકબંધ હોવાના કારણે તંત્ર સાબદુ થયેલુ છે. લોકોને ઘરની બહાર ન નિકળવા માટેની સલાહ આપવામાં આવી છે.

ACHIEVE OVERSEAS CONSULTANCY
IELTS કોચીંગ
સ્પેશીયલ લેડીઝ બેચ
● આવો તમારા સપનાને સાકાર કરીએ
(તમારા સપનાની નજીક એક પગલું આગળ આવો)
● તમારુ ૮ ૭ ૭ ૭ નું લક્ષ્યાંક પ્રાપ્ત કરો
(તમારા સપનાના સ્કોર લાવો ૮, ૭, ૭, ૭)
● સ્પોકન ઈંગ્લીશના અલગથી ક્લાસીસ લેવામાં આવશે.
ફ્રી ડેમો ક્લાસ
આજે જ જોડાવો અને તમારા સપના સાકાર કરો.
બીજો માળ, આર વર્લ્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ૯૮૦૭૨૩૫૩૩ / ૦૭૯-૨૩૨૨૩૫૩૩

## જૈશનો ટોપ કમાન્ડર મુન્ના લાહોરી ઠાર

શ્રીનગર, તા. ૨૭

દક્ષિણ કાશ્મીરમાં ત્રાસવાદીઓના પર્યાય બની ચુકેલા જૈશના ટોપ કમાન્ડર મુન્ના લાહોરી-બિહારીને સુરક્ષા દળોએ આખરે ઠાર કરી દેવામાં સફળતા મેળવી છે. આ સફળતાને ખુબ મોટી સફળતા તરીકે ગળવામાં આવે છે. સુરક્ષા દળોએ બદલો લઈને જૈશના ૧૯ વર્ષીય આઈઈડી નિષ્ણાંતને અથડામણમાં ઠાર કરી દીધો છે. પાકિસ્તાનનો નિવાસી મુન્ના લાહોરી ખુબ ખતરનાક શખ્સ તરીકે હતો. તેની સાથે તેના અન્ય એક સાથીને પણ ઠાર કરી દેવામાં આવ્યો છે. મુન્ના લાહોરીને મોતને ઘાટ ઉતારતાની સાથે જ સુરક્ષા દળોએ ૧૭ જુનના દિવસે કરવામાં આવેલા આઈઈડી બ્લાસ્ટનો બદલો લીધો હતો. મુન્ના લાહોરી બોમ્બ બનાવવામાં નિષ્ણાંત હતો અને ખુબ ખતનાક ઈરાદા સાથે ભારત આવ્યો હતો.

જોઈએ છે
ડ્રાઈવર
બાયોડેટા સાથે રૂબરૂ મળો.
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.
૩૦૧, શાલીમ કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સમય : ૧૧ થી ૨, મંગળવાર, તા. ૩૦/૭/૨૦૧૯

ભાડે / વેચાણ
ગાંધીનગર સીટી પલ્સ સામે ‘સ્વાગત રેઈન ફોરેસ્ટ’માં સેમી ફર્નીશ્ડ પ્રથમ માળે, શૉ-રૂમ ૮૨.૬૮ ચોરસ મીટર અર્થાત ૮૮૯.૯૬ ચોરસ ફુટ. જરૂરી પાર્કીંગ જગ્યા સાથે.
સંપર્ક : યોગેશ ઠક્કર
મો. ૯૮૨૪૦ ૩૮૪૧૨

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



ગાંધીનગરની સંસ્કારી નગરીમાં
શાંત અને રમણીય વાતાવરણ સાથે
ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું
વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
Managed by :
RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

### શ્રદ્ધાંજલિ સભા : બેસણું



**શ્રી વિનોદભાઈ રામજીભાઈ ટોળિયા**
(નિવૃત્ત પોલીસ અધિક્ષક)
જન્મ તા. ૨૯-૧૨-૧૯૫૮ । નિર્વાણ તા. ૨૦-૭-૨૦૧૯

અંતકાળે તમે હૃદયઘાત સહ્યો, પણ અમે આ વજ્રાઘાત કેમ સહીશું?
નામ તમારું તમે દિલથી જીવ્યા, પણ અમારા જીવનના વિનોદનું શું?
શ્વાસ છૂટ્યો, સાથ છૂટ્યો, ધબકતાં સ્મરણો અને સંતાપનું શું?

શ્રી વિનોદભાઈ રામજીભાઈ ટોળિયાનું તા. ૨૦-૭-૨૦૧૯ ને શનિવારે અમેરિકાના કેલિફોર્નિયા ખાતે હૃદયરોગના હુમલામાં દુ:ખદ નિધન થયું છે.

**શ્રધ્ધાંજલિ સભા-બેસણું**
તા. ૨૯-૭-૨૦૧૯ ને સોમવારે બપોરે ૩.૦૦ થી સાંજે ૬.૦૦ દરમિયાન રાષ્ટ્રીય શાળા, ડૉ. યાજ્ઞિક રોડ, વિદ્યાનગર, રાજકોટ ખાતે રાખવામાં આવ્યું છે.
લૌકિક પ્રથા બંધ છે.

કુસુમબેન વિનોદભાઈ ટોળિયા
અર્જુન વિનોદભાઈ ટોળિયા । ધ્રુવ વિનોદભાઈ ટોળિયા
ડૉ. અંજના વિનોદભાઈ ટોળિયા